# વૈધાનિક અધિકારો અને સંમતિ ફોર્મ – ☐ શ્વાસ અથવા ☐ લોહીનો સ્પષ્ટ નમૂનો

(એક પર નિશાની કરો)

ધરપકડ થનાર:_______________________________________________ તારીખ: _________________________

ધરપકડ થનાર વ્યક્તિને નીચે પ્રકારની સલાહ આપવામાં આવી હતી (કલમ 1 – 10):

1. તમારી દારૂના પ્રભાવ હેઠળ કામ કરવાના ગુના માટે ધરપકડ કરવામાં આવી છે અને તમને કેટલાક અધિકારોની બાંયધરી આપવામાં આવી છે.
2. તમે તમારા પોતાના ખર્ચે તમારા કુટુંબ અથવા તો મિત્રો સાથે વાતચીત કરી શકો છો, અથવા જામીન પર બહાર નીકળવાની વ્યવસ્થા કરી શકો છો, અથવા કોઈ એટર્નીની સેવા લઈ શકો છો. આવા પ્રકારના ઉપયોગને ત્યાં સુધી મુલતવી રાખવામાં આવી શકે છે જ્યાં સુધી કે આ ફોર્મ પર તમારી સંમતિ અથવા તો ઇનકારની નોંધણી કરવામાં ન આવે. એમ છતાં તમારા આગમનના એક કલાકની અંદર જ ટેલિફોનના ઉપયોગની મંજૂરી આપવામાં આવશે.
3. તમારી વિનંતી તથા તમારા ખર્ચે, તમે તમારી પસંદગીના ચિકિત્સક પાસે તાત્કાલિક તપાસ કરાવવાનો અધિકાર ધરાવો છે. તમને આ અધિકારનો પ્રયોગ કરવાની યોગ્ય તક આપવામાં આવશે, પરંતુ આ પરીક્ષામાં મોડું થતાં પરીક્ષણ પ્રક્રિયામાં વિલંબ કરવામાં આવશે નહીં.
4. **હું તમને વિનંતી કરું છું કે તમે તમારા લોહીમાં આલ્કોહોલની માત્રા નક્કી કરવા માટે ☐ પુરાવાયુક્ત શ્વાસ પરીક્ષણ / ☐ પુરાવાયુક્ત લોહી લેવાનું અને પરીક્ષણ (એક પર નિશાન કરો) માટે સંમતિ આપો.**

   નીચેની કલમો મોટર વાહન ચલાવવાના તમારા અધિકારને સંબંધિત છે:
5. 21 વર્ષથી ઓછી ઉંમરના ડ્રાઇવરો: જો તમે આ પરીક્ષણ માટે ના પાડો છો, તો તમારું લાઇસન્સ અથવા મેસેચ્યુસેટ્સમાં ચલાવવાના તમારા અધિકારને 3 વર્ષથી લઈને સમગ્ર જીવનના સમયગાળા સુધી સસ્પેન્ડ કરી દેવામાં આવશે. જો તમારા લોહીમાં આલ્કોહોલની માત્રા .08 કે તેથી વધુ છે, તો તેઓ અર્થ છે કે તમે મેસેચ્યુસેટ્સના કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યા છો અને તમને ફોજદારી દંડનો સામનો કરવો પડી શકે છે. જો તમારા લોહીમાં આલ્કોહોલની માત્રા .02 કે તેથી વધુ છે, તો રજિસ્ટ્રી ઓફ મોટર વ્હીકલ્સ (મોટર વાહનોની રજિસ્ટ્રી) તમારી વિરુદ્ધ વહીવટી દંડ લાદશે. જો તમે પરીક્ષા આપો છો અને નિષ્ફળ નીવડો છો, તો સસ્પેન્શનનો સમયગાળો 30 દિવસનો છે, જો કે તમને રજિસ્ટ્રી ઓફ મોટર વ્હીકલ્સ દ્વારા 180 દિવસથી લઈને 1 વર્ષ સુધીનું વધારાનું સસ્પેન્શન પણ લાદવામાં આવી શકે છે.
6. 21 વર્ષ કે તેથી વધુ ઉંમરના ડ્રાઇવરો: જો તમે આ પરીક્ષણ માટે ના પાડો છો, તો તમારું લાઇસન્સ અથવા મેસેચ્યુસેટ્સમાં ચલાવવાના તમારા અધિકારને 180 દિવસથી લઈને સમગ્ર જીવનના સમયગાળા સુધી સસ્પેન્ડ કરી દેવામાં આવશે. જો તમારા લોહીમાં આલ્કોહોલની માત્રા .08 કે તેથી વધુ છે, તો તેઓ અર્થ છે કે તમે મેસેચ્યુસેટ્સના કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યા છો અને તમને ફોજદારી દંડનો સામનો કરવો પડી શકે છે. જો તમે પરીક્ષા આપો છો અને તમારા લોહીમાં આલ્કોહોલની માત્રા .08 કે તેથી વધુ છે, તો સસ્પેન્શનનો સમયગાળો 30 દિવસનો છે.
7. જો તમે પરીક્ષા આપવાનું નક્કી કરો છો, તો તમારી પાસે તમારા પોતાના ખર્ચે યોગ્ય સમયગાળાની અંદર તુલનાત્મક લોહી પરીક્ષણ કરાવવાનો અધિકાર રહેશે. તુલનાત્મક લોહી પરીક્ષણના પરિણામોનો ઉપયોગ 10 દિવસની અંદર કોર્ટની સુનાવણીમાં તમારા લાઇસન્સ અથવા સંચાલનના અધિકારને પાછો પ્રાપ્ત કરવા માટે થઈ શકે છે.
8. આ પુરાવા પરીક્ષણ આપવા માટે સંમતિ ન આપવી અથવા તો નિષ્ફળ જવું એ ગર્ભિત સંમતિ કાયદાનું ઉલ્લંઘન છે અને જેના પરિણામે મોટર વાહન ચલાવવાના તમારા અધિકારને સસ્પેન્ડ કરી દેવામાં આવશે. આ પરીક્ષણ માટે ના પાડવી અને અન્ય કોઈ પ્રકારના પરીક્ષણની રિક્વેસ્ટ કરવી એ કાયદા હેઠળ ઇનકાર માનવામાં આવે છે.
9. વધુમાં, ભલે પછી તમારી પાસે વાણિજ્યિક ડ્રાયવર્સ લાયસન્સ (CDL) છે કે નહીં, જે કોઈ પણ આ આવશ્યક પરીક્ષણને પ્રસ્તુત કરવામાં નિષ્ફળ રહે છે, તેને 1 વર્ષથી લઈને સમગ્ર જીવન સુધી વાણિજ્યિક મોટર વાહન ચલાવવા માટે અયોગ્ય ઠેરવવામાં આવશે.
10. જો તમે કોઈ મોટર વાહન ચલાવતા હતા અને જેમાં એવી જોખમી સામગ્રી હતી જેનું પોસ્ટર લગાડેલું હોવું જરૂરી હતું, તો ઇનકાર કરવા માટેની CDL ગેરલાયકતા 3 વર્ષ માટેની રહેશે. જો તમને અગાઉ ફેડરલ CDL નિયમો અથવા રાજ્યના કાયદામાં વર્ણવ્યા મુજબ અયોગ્ય અપરાધ માટે ગુનેગાર ઠેરવવામાં આવ્યા છે, તો CDL ગેરલાયકતા આજીવનની રહેશે.

**ઉપરોક્ત સલાહ આપ્યા પછી તેમજ સમજ્યા પછી, શું તમે ☐ પુરાવાયુક્ત શ્વાસ પરીક્ષણ/ ☐ પુરાવાયુક્ત લોહી લેવાનું અને પરીક્ષણ આપવા માટેની સંમતિ આપો છો (*એક પર નિશાન કરો*) કે હું તમારા લોહીમાં આલ્કોહોલની માત્રા નક્કી કરવા માટે કરી રહ્યો/હી છું?**

☐ **હા** ☐ **નહિ** **સંમતિ અથવા ઇનકારનો સમય** ____________

**મેં આ વૈધાનિક અધિકારો અને સંમતિ ફોર્મ વાંચ્યું અને સમજ્યું છે.**

**ધરપકડ થનારની સહી:** ________________________________________ **તારીખ** ________________

**ધરપકડ કરનાર અધિકારી અથવા શ્વાસ પરીક્ષણ કરનારના હસ્તાક્ષર:** ____________________ **તારીખ** ________________

**ઇનકારના સાક્ષીની સહી:** ________________________________________ **તારીખ** ________________
**(ઉપર હસ્તાક્ષર કરનાર અધિકારી કરતા અલગ હોવું જોઈએ)**

---

**ડૉક્ટરનો અધિકાર** સામાન્ય કાયદાઓ, અધ્યાય 263, કલમ 5A: પોલીસ સ્ટેશન અથવા અન્ય અટકાયત સ્થળે અટકાયતમાં રાખવામાં આવેલ વ્યક્તિ પર દારૂના પ્રભાવ હેઠળ મોટર વાહન ચલાવવાનો આરોપ મૂકવામાં આવે છે, તો તે વ્યક્તિ પાસે અધિકાર રહેશે કે તે રિક્વેસ્ટ કરીને તથા પોતાના ખર્ચે, તેના મનપસંદ ફિજિશિયન પાસે તાત્કાલિક તપાસ કરાવી શકશે. આવા સ્ટેશન અથવા અટકાયત સ્થળના પ્રભારી પોલીસ અધિકારી, અથવા તેના નિયુક્ત વ્યક્તિ, લાવ્યા (બૂક થયા) પછી તરત જ આવા વ્યક્તિને આ અધિકારની તાત્કાલિક જાણ કરશે, અને તેને તેનો ઉપયોગ કરવા માટેની યોગ્ય તક આપશે. આવી વ્યક્તિને, લાવ્યા પછી તરત જ, આ કલમની એક નકલ આપવામાં આવશે જો આવી નકલ પોલીસ સ્ટેશન અથવા અટકાયતની અન્ય જગ્યાએ કોઈ એવા વિશેષ સ્થળે પોસ્ટ ના કરવામાં આવી હોય જ્યાં તે વ્યક્તિની પહોંચ હોય.

**ટેલિફોન કરવાનો અધિકાર** સામાન્ય કાયદા અધ્યાય 276, કલમ 33A: સ્ટેશનના પ્રભારી પોલીસ અધિકારી અથવા ટેલિફોનની સગવડવાળા અન્ય સ્થળે, જેમાં વ્યક્તિની અટકાયત કરવામાં આવેલ છે, ધરપકડ થયેલ વ્યક્તિને પોતાના ખર્ચે ટેલિફોનનો ઉપયોગ કરવાની મંજૂરી આપશે, જેથી ધરપકડ થયેલ વ્યક્તિ તેના કુટુંબ અથવા મિત્રો સાથે વાતચીત કરી શકે, અથવા જામીન પર બહાર નીકળવાની વ્યવસ્થા કરી શકે, અથવા એટર્નીની સેવાઓ લઇ શકે. આવી કોઈપણ વ્યક્તિને આવા સ્ટેશન અથવા અટકાયત સ્થળે લાવ્યા પછી તરત જ ટેલિફોનનો ઉપયોગ કરવાના તેના અધિકાર વિશે જાણ કરવામાં આવશે, અને ત્યારબાદ એક કલાકની અંદર આવા ઉપયોગની મંજૂરી આપવામાં આવશે.